# શહેરના આકાશમાં દિનભર વરસાદી વાદળો છવાયા

**શનિવારે રાત્રિના વરસાદી છાંટણા વરસ્યા બાદ આજે પણ વાદળિયુ વાતાવરણ : લઘુત્તમ તાપમાન ૨૦.૨ ડિગ્રી : ઠંડી અદ્રશ્ય**



ગાંધીનગર તા ૩

શહેરમાં છેલ્લા બે ચાર દિવસથી મોસમનો મિજાજ બદલાયો છે. શહેરમાં ઠંડી અદ્રશ્ય થઇ ગઇ છે. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે પણ નગરજનો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. ગઇકાલે રાત્રિના વાદળિયા વાતાવરણ વચ્ચે અચાનક જ વરસાદના છાંટણા પડયા હતા. જયારે આજે પણ દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન ૨૦.૨ ડિગ્રીએ પહોંચી ગયુ હતુ. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર૯ ડિગ્રીનો તફાવત જોવા મળ્યો હતો.

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી મોસમનો મિજાજ વારંવાર બદલાય છે. સતત કોલ્ડવેવના આક્રમણ બાદ અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો છે નગરજનો એક તરફ બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. ગમે ત્યારે વાતાવરણ પલ્ટો જોવા મળે છે. વાતાવરણમાં નાટયાત્મક બદલાવના લીધે જનજીવન પણ પ્રભાવિત થાય છે. આજે પણ ગઇકાલની જેમ વાદળિયુ વાતાવરણ સર્જાયુ હતુ. સવારથી આકાશી નઝારો બદલાયેલો જોવા મળ્યો હતો. આકાશમાં કાળા વાદળોનો ઘેરાવો જાણે ગમે ત્યારે વરસાદ લઇ આવશે તેમ વર્તાઇ રહ્યુ હતુ જો કે દિવસના વાદળિયા વાતાવરણના અંતે વરસાદ ન આવતા નગરજનોને હાંશકારો થયો હતો. ગઇકાલે શનિવારે પણ રાત્રિના સમયે અચાનક જ વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો. ગઇકાલે વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય રહી હતી. જયારે મોડી સાંજના પણ ઉનાળા જેવુ વાતાવરણ અનુભવાયુ હતુ. પરંતુ રાત્રિના સમયે અચાકજ વરસાદી વાયરા વચ્ચે પલવાર માટે છાંટણા પડતા ભીની માટીની મહેંક પ્રસરી હતી. ઠંડી ગરમી વચ્ચે વરસાદે પણ એન્ટ્રી લેતા નગરજનો હવે મોસમના વિચિત્ર મિજાજથી સુસ્તી અનુભવી રહ્યા છે. શહેરમાં ત્રેવડી ઋતુની અસર વર્તાઇ રહી છે. જેના લીધે જન આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. આજે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાન ૨૦.૨ ડિગ્રી રહ્યુ હતુ.

# ધોળેશ્વર મહાદેવમાં આજે વડાપ્રધાન શિવ પૂજા કરશે

**મહાશિવરાત્રીનાં પાવન પર્વે ગાંધીનગર અને અમદાવાદના કાર્યક્રમો પૂર્ણ કરી સાંજે નરેન્દ્ર મોદી ધોળેશ્વર મહાદેવ મંદિરે પૂજા અર્ચન કરશે**

ગાંધીનગર, તા.૩

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય ગુજરાત મુલાકાતે છે ત્યારે આવતીકાલે મહાશિવરાત્રિનાં પાવન પર્વે વડાપ્રધાન પોતાના શિડ્યુલ મુજબ ગાંધીનગર અને અમદાવાદ ખાતેના કાર્યક્રમોમાં હાજરી આપ્યા બાદ સાંજે આઠ વાગ્યાના અરસામાં ગાંધીનગરને અડીને આવેલા પૌરાણિક મંદિર ધોળેશ્વર મહાદેવ ખાતે શિવ પૂજા કરવા જશે. ધોળેશ્વર મહાદેવ મંદિરે પૂજા અર્ચન કરીને વડાપ્રધાન મોદી તેમના માતૃશ્રી હીરાબાનાં આશીર્વાદ લેવા જાય તેવી પણ શક્યતા છે. પુરાણ પ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ મંદિરે શિવ પૂજા કરવા જનાર વડાપ્રધાનને મંદિરના ટ્રસ્ટીઓ આવકારશે એટલુ જ નહિ શહેર અને જિલ્લાના ભાજપનાં આગેવાનો અને કાર્યકરો પણ ખુબ મોટી સંખ્યામાં મંદિર પરિસરમાં ઉપસ્થિત રહી વડાપ્રધાનનુ સ્વાગત કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ અને ૫ માર્ચ બે દિવસ ગુજરાત પ્રવાસે છે. જામનગરમાં ગુરુગોવિંદસિંહ હોસ્પિટલના ઉદઘાટન, સૌની પ્રોજેકટનું ઉદઘાટન અને જનસભા સંબોધન કર્યા બાદ બપોરે વડાપ્રધાન ગાંધીનગર વૈષ્ણોદેવી સર્કલ નજીક જાસપુર ખાતે પહોંચશે. જાસપુર ખાતે હેલિકોપ્ટર ઉતરી શકે તે માટે અલાયદુ હેલીપેડ પણ તૈયાર કરવામાં આવ્યું છે. જાસપુર ખાતે વિશ્વ ઉમિયા ધામ કોમ્પ્લેક્સનું ભુમિપુજન કરી વડાપ્રધાન અમદાવાદ વસ્ત્રાલ ખાતે મેટ્રો સ્ટેશન પહોંચી અને ત્યાં મેટ્રો રેલ પ્રોજેક્ટ નું ઉદ્ઘાટન કરશે. મેટ્રોની સવારી કરી વડાપ્રધાન મોદી અમદાવાદ સિવિલ હોસ્પીટલ પહોંચશે અને ૧૨૦૦ પથારીની સિવિલની નવી બિલ્ડિંગનું ઉદઘાટન કરશે. ત્યારબાદ આયુષમાન ભારતના લાભાર્થીઓ સાથે સંવાદ કરીને વડાપ્રધાન ગાંધીનગર પરત ફરશે. આવતીકાલે મહાશિવરાત્રી પવિત્ર પર્વ હોવાથી મોદી અમદાવાદથી ગાંધીનગર પરત ફરતી વખતે સાંજે આઠ વાગ્યાના અરસામાં ગાંધીનગરને અડીને આવેલા પૌરાણિક મંદિર ધોળેશ્વર મહાદેવ ખાતે પહોંચશે અને ત્યાં શિવપૂજા કરીને પૂજા અર્ચન કરશે અને જળાભિષેક કરશે. ધોળેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટી વડાપ્રધાન મોદીનું સ્વાગત કરશે તે ઉપરાંત ગાંધીનગર જિલ્લા અને શહેરના ભાજપના આગેવાનો અને કાર્યકરો પણ મોદીના સ્વાગત માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. ધોળેશ્વર મહાદેવ પૂજા-અર્ચના કર્યા બાદ નરેન્દ્ર મોદી તેમના માતૃશ્રી હીરાબાનાં આશીર્વાદ લેવા જશે તેવી શક્યતાઓ છે. ત્યારબાદ વડાપ્રધાન રાત્રી રોકાણ પાટનગરમાં રાજભવન ખાતે કરશે. બીજા દિવસે પાંચમી માર્ચે સવારે ૧૦ વાગ્યે મોદી અડાલજ ખાતે શૈક્ષણિક સંકુલનુ ભુમિપુજન કરશે. ત્યારબાદ વસ્ત્રાલ ખાતે જન સભા સંબોધીને વડાપ્રધાન ઈન્દોર જવા રવાના થશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને ધ્યાને રાખીને ગાંધીનગર રેન્જ ના ચાર જિલ્લા ઉપરાંત અમદાવાદ રેન્જની પોલીસ બંદોબસ્તમાં ખડેપગે રહેશે.





ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત શિશિરોત્સવના પ્રથમ દિવસે આર ડી બર્મન અને ગુલઝારના ગીતો રજુ કરાયા હતા. અવનવા ગીતોની પ્રસ્તુતિ સાથે ગીતકાર સાથે વણાંયેલા યાદગાર કિસ્સાઓ પણ મંચ પરથી રજુ થતા સંગીતપ્રેમીઓને મજા પડી હતી... દિલ ઢુંઢતા હે.. ફીર વહી.. ફુરસદ કે.. રાત દિન ....મુસાફીર હું યારો.. ન ઘર હે.. ના ઠીકાના ...મંચ પરથી રજુ થતા એક બાદ એક રસપ્રદ ગીતોને સુરીલા સંગીતનો ઢાળ મળતા દર્શકો પણ એકલીન બની કાર્યક્રમને દિલથી માંણ્યો હતો. મોસમની નજાકતને બયાન કરતા શિશિરોત્સવની ઉજવણીના પ્રથમ દિવસે સુરીલા ગીતોની પ્રસ્તુતિ વચ્ચે મોસમનો પણ મિજાજ બદલાયો હતો. આકાશમાં ઘેરાયેલા વાદળોએ છાંટણા વરસાવતા વાતાવરણમાં ઠંડક સાથે માટીની મહેંક પ્રસરી હતી. ઋતુ સંધિકાળના આ દિવસોમાં શિશિરોત્સવની ઉજવણીના પ્રારંભે સુર સંગીત વચ્ચે શ્રોતાઓએ મોસમના બદલાતા નઝારાની પણ આહલાદકતા અનુભવી હતી.

# મોદીની આજથી ગુજરાત યાત્રા આરંભાશે : અનેક કાર્યક્રમોનું આયોજન

**વસ્ત્રાલમાં મેટ્રો ટ્રેન, મંદિર સંકુલની આધારશીલા પણ મુકશે : વિશ્વ ઉમિયાધામ સંકુલના વિશાળ આધારશીલા કાર્યક્રમ ખાતે પાંચ લાખથી વધુ લોકો સામેલ થવાની શક્યતા : મોદીના આગમનને લઇને જોરદાર તૈયારી**

અમદાવાદ, તા. ૩

પાકિસ્તાનમાં આતંકવાદી અડ્ડા પર હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદ પ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવી રહ્યા છે. મોદીની ગુજરાત યાત્રાને લઈને કાર્યકરોમાં ભારે ઉત્સાહ છે. અનેક વિકાસ કામગીરીના લોકાર્પણ અને આધારશીલા પણ તેઓ મુકનાર છે. આ ગાળા દરમિયાન તેમના જુદા જુદા કાર્યક્રમો છે. મોદીનું ભવ્ય સ્વાગત પણ કરવામાં આવનાર છે. અમદાવાર એરપોર્ટથી લઈને શહેરના જુદા જુદા માર્ગો ઉપર તિરંગા ધ્વજ સાથે લોકો ઉભા રહેશે. મોદી ચાર માર્ચથી બે દિવસના પ્રવાસે પહોંચી રહ્યા છે. સોમવારના દિવસે વડાપ્રધાન વસ્ત્રાલમાં મેટ્રો ટ્રેન-ફેઝ એક તથા અસારવા સિવિલ હોસ્પિટલમાં નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન કરશે. આ ઉપરાંત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા વિશ્વની આઠમી અજાયબી સમાન જગતજનની મા ઉમિયાના વિશ્વના સૌથી મોટા અને ભવ્યાતિભવ્ય મંદિરના નિર્માણના ભાગરૂપે અમદાવાદના એસ.જી.હાઈવે પર વૈષ્ણોદેવી સર્કલથી અંદર જાસપુર ગામ ખાતે આગામી ચોથી માર્ચે મહાશિવરાત્રિના પવિત્ર દિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મહાભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાશે.

આપના સપનાનું ઘર આપની રાહ જોઇ રહ્યું છે.... સહપરિવાર જોવા પધારો




RERA Reg. No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00941/071217 - www.gujrera.gujarat.gov.in

શિવાલય
PARISAR
3 BHK LUXURY

besides shivalay residency,
opp. kanam-1, kudasan

exclusively marketed by:
tps The Property Shop
98980 29451, 99092 80666

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com